# Std 12 Gujarati Textbook Solutions Chapter 20 બે લઘુકથાઓ

**ડાઘ સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. રાજીમાને કોનું અનહદ વળગણ હતું?**

ઉત્તરઃ

રાજીમાને ઢોરાંનું અનહદ વળગણ હતું.

**પ્રશ્ન 2. લેખકે રાજીમાને શી સલાહ આપી?**

ઉત્તર :

લેખકે રાજીમાને ઢોરા વેચીને નિરાંતે રહેવાની સલાહ આપી.

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. રાજીમા દીકરાને પત્રમાં શો સંદેશો મોકલે છે? દીકરા તેનો શો પ્રત્યુત્તર આપે છે?**

ઉત્તરઃ

રાજીમાના બંને પુત્રો શહેરમાં વસ્યા હતા. તેઓ રાજીમાને શહેરમાં આવવા માટે પત્ર લખે છે. પણ રાજીમાં કહે “ભોમકાની માયા મૂકી શકાતી નથી, તમે બધાં એક આંટો મારી જાવ’ દીકરાનો ફરી પત્ર આવ્યો. તેણે લખ્યું હતું કે, અમારે નોકરીમાં રજા જમે નથી. વળી, તમારી વહુની તબિયત નરમ રહે છે. હાલ તો નહિ અવાય. પૈસા મોકલ્યા છે. હવે ઢોરને વેચીને નિરાંતે રહો. ઘણું બધું વેડ્યું. ભજનભાવ કરો. તબિયત સાચવજો.

**પ્રશ્ન 2. શા કારણથી રાજીમાએ કાગળ લખવાનો નિર્ણય માંડી વાળ્યો?**

ઉત્તરઃ

એક વખત રાજીમા લેખક પાસે કાગળ લખાવવા ગયાં. ત્યારે લેખકે ઢોરાં વેચીને નિરાંતે રહેવાનું કહ્યું ત્યારે રાજીમાએ આંસુથી ભીના થતા શબ્દોમાં કહ્યું, ‘ઢોરને વેચું છું તો પારકા ખીલા તોડાવીને પાછા ઘેર આવી જાય છે. પંડના છોકરાં વણવેચે વેચાઈ ગયા છે. એમ કહીને પતું ફાડીને કાગળ ન લખવાનો નિર્ણય કર્યો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**3. સવિસ્તર ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. ‘ઢોરાં” લઘુકથા શી માર્મિકતા પ્રગટાવે છે?**

ઉત્તર:

‘ઢોરાં લઘુકથાના લેખક ઈશ્વર પરમાર છે.

## ઢોશ સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક – એક વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. “વિટામિન-એ’ની ઊણપથી શરીર પર શી અસર થાય છે?**

ઉત્તર:

વિટામિન “એની ઊણપથી શરીર પર સફેદ છાંટા ઊપસી આવે છે.

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

**પ્રશ્ન 1. ડૉ. સુનીતા શાહનું લગ્ન શા કારણે ભાંગેલું?**

ઉત્તર:

સમાજમાં કહેવાતા ડાહ્યા અને સમજુ લોકો લગ્ન જેવા પવિત્ર સંબંધને કેટલી સંકુચિત દષ્ટિકોણથી જુએ છે. જેને કારણે સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે છે. ડૉક્ટર સુનીતા શાહના કપાળમાં ચાંદલો કરવાની જગ્યાએ જનમથી થયેલાં કોઢના સફેદ ડાઘને કારણે તેના પતિએ તેનો લગ્નના દિવસે જ ત્યાગ કર્યો.

**પ્રશ્ન 2. શાના લીધે ડૉ. સુનીતા શાહ હૃદયથી ભાંગેલી હતી?**

ઉત્તર:

પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓ સાથે થતા અન્યાય સુનીતા – શાહ સાથે પણ થયો હતો. કપાળમાં ચાંદલો કરવાની જગ્યાએથી થયેલા કોઢના સફેદ ડાઘને કારણે લગ્નની પહેલી રાત્રે પતિએ તેનો ત્યાગ કર્યો હતો. માટે તે હૃદયથી ભાંગેલી હતી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3. વિસ્તૃત ઉત્તર લખો.

**પ્રશ્ન 1. "ડાઇ" લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.**

ઉત્તરઃ

નરેન બારડ લિખિત ડાઘ લઘુકથામાં સમાજની વરવી વાસ્તવિકતા રજૂ થઈ છે. સમાજમાં કહેવાતા ડાહ્યા અને સમજુ લોકો લગ્ન જેવા પવિત્ર સંબંધને કેટલા સંકુચિત દષ્ટિકોણથી જુએ છે. જેને કારણે સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે છે.

ડૉક્ટર સુનીતા શાહના જે દિવસે લગ્ન થયા એ દિવસે જ તેના કપાળમાં ચાંદલો કરવાની જગ્યાએ જનમથી થયેલા કોઢના સફેદ ડાઘને કારણે તેના પતિએ તેનો ત્યાગ કર્યો. આ અપમાન ડૉક્ટર સુનીતાને જીવનભર દુઃખી કરી દે છે.

સુનીતા શાહના દવાખાને એક બાળકીને લઈને એની માતા આવી. બાળકીના આખા શરીરે સફેદ છાંટણાં ઊપસી આવ્યા હતા. બાળકીની મા ખૂબ ચિંતિત હતી. તે બોલી "ગમે તેમ તોયે આ દીકરીની જાત ! સાવ સાચું કહેજો બેન ! ચિંતાનું કોઈ કારણ નથી ને?

સુનીતા શાહે કહ્યું, ડરવાનું કોઈ કારણ નથી માત્ર વિટામિન એ"ની ખામીને કારણે સફેદ છાંટા ઊપસી આવ્યા છે. આ ગોળી લખી આપું છું. આ જવાબ સાંભળીને બાળકીની મા પર જાદુઈ અસર થઈ અને આભારસૂચક નજરે તે દવાખાનાની બહાર નીકળી.

સુનીતા ટેબલ પર માથું ઢાળીને આંખો મીંચીને પોતાના ભૂતકાળની દુઃખદ ઘટનામાં સરી પડી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in